# કુંદન શાહ: કોમનમેનનો અનકોમન અણમોલ લેખક-નિર્દેશક

**એને ક્યારેય પોતાનો ગરવો ગુજરાતી ના ગણ્યો. બાવા-બાપુ ને નેતાઓની આરતી ગાનાર અને 10-12 લોકોને વારેવારે વધાવનાર ગુજરાતી મિડિયાએ ભાગ્યે જ કુંદનને 'ગુજરાતી' તરીકે નવાજ્યો**

સંગત સિતારોં કી

★ સંજય છેલ

એ માણસે કારકુન જેવું ટેરેલીનનું શર્ટ, લૂઝ પેંટ, ફાટેલાં જૂતાં અને લાંબી છત્રી લઈને પોતાની પહેલી ફિલ્મ બનાવેલી. એ માણસના દેખાવ પર, એની વાતો પર કોઈ મજાક કરતું તો કોઈ એની વિચિત્ર સ્ક્રિપ્ટ પર હસતું. પણ એ માણસે 1982માં જ્યારે ફિલ્મો 25 થી 30 લાખના ખર્ચે બનતી ત્યારે માત્ર 4 લાખના બજેટમાં કલ્ટ કોમેડી ફિલ્મ 'જાને ભી દો યારોં' બનાવી. એ માણસે લગભગ બધાં નવા લોકોને લઈને મુંબઈની સડકો પર વિના પરમિશન, વિના પૈસે ભારતની શ્રેષ્ઠ કોમેડી ફિલ્મ બનાવેલી. એ માણસ 'યે જો હૈ ઝિંદગી', 'નુક્કડ', 'સર્કસ', 'વાગલે કી દુનિયા' જેવી અનેક હિટ ટીવી સીરિયલો બનાવીને 1985 થી 1990 સુધી લાખો રૂપિયા કમાયો, છતાંયે એ સાદાઈથી મુંબઈની ભીડભરી બસમાં પ્રવાસ કરતો અને જૂની સ્ક્રિપ્ટના કાગળો પાછળ નવી સ્ક્રિપ્ટ લખતો. એ માણસે નેશનલ એવાર્ડ વિનર 'જાને ભી દો યારો' જેવી ક્લાસિક ફિલ્મ બનાવી હતી છતાંયે 11 વરસ સુધી બીજી ફિલ્મ 'કભી હાં કભી ના' બનાવવા માટે જાલિમ સંઘર્ષ કર્યો. એ માણસે દિલ્લીથી ખાસ શાહરૂખ નામના નવા છોકરાને બોલાવીને નેશનલ લેવલ પર ચમકાવેલો. એ માણસ મર્યો ત્યાં સુધી એની પાસે ના બનેલી 40 થી 50 સ્ક્રિપ્ટો તૈયાર હતી. એ સ્ક્રીપ્ટ નહોતી, સપનાંઓનો ખડકલો હતો. એ માણસ એટલે ગુજરાતનું સાચું ગૌરવ- ઈન્ટેલીજન્ટ, એંગ્રી અને ફની કોમનમેન 'કુંદન શાહ.'

2017માં ઊંઘમાં જ વિદાય લેનાર લેખક નિર્દેશક કુંદન ના હોત તો હું ક્યારેય કોમેડી કે સેટાયરવાળી ફિલ્મો-સીરિયલો લખી ના શકયો હોત. મારા જેવા સાવ અજાણ્યા ગુજરાતી નવા લેખકને કુંદને 'નુક્કડ-2'માં સ્ક્રિપ્ટ લખવા આપી. જ્યારે પહેલી વાર મેં એમને 'કુંદનજી' કહ્યું ત્યારે એમણે કહ્યું: "આ 'જી' શું છે? તું કોઈ રાજકીય પાર્ટીની ઓફિસમાં આવ્યો છે કે ઈંદિરાજી-બાજપેયીજીની જેમ મને 'જી' કહીને બોલાવે છે? કોલ મી ઓન્લી, કુંદન!" એ કુંદન ના હોત તો મને છેવાડાના માણસો, સંઘર્ષ કરતા લોકો, કોમનમેન વિશે વિચારવાની દૃષ્ટિ જ ના મળી હોત.



કુંદન અતિશય ટેમ્પેરામેંટલ પણ અદ્ભુત ઈમોશનલ માણસ હતો. 90ના દાયકાની ફિલ્મી દુનિયામાં ખૂબ વર્ગવાદ હતો. નિર્માતા-નિર્દેશક-અભિનેતાઓ, આસિસ્ટંટ ડિરેકટરોને પ્યૂનની જેમ ગણતા ત્યારે કુદંન લાઈટમેન કે સ્પોટબોય સાથે જમવા બેસતાં. કુદંન, સઈદ ને અઝિઝ મિર્ઝાની ઓફિસ એક એવી જગ્યા હતી જે અમારા જેવા સ્ટ્રગલરો માટે સદાવ્રત કે લંગર સમાન હતી. હું, નીરજ વોરા, આશુતોષ ગોવારીકર ને શાહરૂખ ખાન વગેરે બપોરના સમયે ત્યાં અમસ્તાં જ પહોંચી જતાં. અમને સૌને જમવાનું મળતું. અમારા જેવા કેટલાય સ્ટ્રગલરોનું એ 'માવતર' હતું સઈદ-અઝિઝ અને કુંદન, એ હદે ઉદાર હતા કે પોતાનો પ્રોફિટ સૌમાં વહેંચી દેતાં! મારું ગુજરાન ચાલે એટલે એક મહિનામાં વધુમાં વધુ એપિસોડ લખવા મળે એનું ધ્યાન રાખતા! મારા જેવા અનેક સ્ટ્રગલરોમાં એક હતો શાહરૂખ, જે દિલ્લીથી આવીને કુંદન અને મિર્ઝા ભાઈઓની ઓફિસમાં જ મહિનાઓ સુધી રહેતો! મુંબઈની કમીની કમર્શિયલ મતલબી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આવું કોણ કરે? કુંદનને મિર્ઝા ભાઈઓની ઓફિસ એક એવી અનામ યુનિવર્સિટી હતી કે જ્યાંથી ગ્રેજ્યુએટ થઈને નીકળેલા અમારા જેવા અનેકોની કરિયર આજ સુધી ચાલી. કુંદને ગુજરાતી માધ્યમમાં ભણેલ, મારા જેવા છોકરાને અંગ્રેજીમાં લખતો કર્યો. મારા વિચારોમાં મોડર્ન, લિબરલ, નીડર, કોમવાદ વિરુદ્ધના વિચારો વાવી દીધા.

આમ તો કુંદન પોતે એ હદે કંજૂસ કે વડાંપાંઉ પણ એ રીતે વિચારીને ઓર્ડર કરે જાણે કોહીનૂર હીરો ખરીદતો હોય પણ દિલનો એટલો દિલાવર કે 'નુક્કડ' ની સ્ક્રિપ્ટમાં 30-30 કલાકારોને સમાવી શકાય એવી સ્ક્રિપ્ટ લખાવડાવે. જો કોઈ કલાકારનો એમાં રોલ ના હોય તો સામેથી કહે- "એ સંજય, પેલા એક્ટરનો એકાદ ડાયલોગ નાખી દે. એ બિચારાની એક એન્ટ્રીથી એનો ચેક બની જશે!" આજે ગુજરાતી અસ્મિતાના આ મહાન સેટાયરીસ્ટ લેખક, નિર્દેશક માટે એક વાતની દિલમાં ટીસ ઊઠે છે કે આપણા ગુજરાતી સમાજે કે સરકારે એનું કયારેય યોગ્ય સન્માન ના કર્યું. એને કયારેય પોતાનો ગરવો ગુજરાતી ના ગણ્યો. બાવા-બાપુ ને નેતાઓની આરતી ગાનાર અને 10-12 લોકોને વારેવારે વધાવનાર ગુજરાતી મિડિયાએ ભાગ્યે જ કુંદનને 'ગુજરાતી' તરીકે નવાજ્યો.

કુંદન શાહ, એ હસ્તી હતી કે જેની 'સેંસ ઓફ હ્યુમર' પર મહાન કાર્ટૂનિસ્ટ આર.કે.લક્ષ્મણ પણ ફિદા હતા. 'વાગલે કી દુનિયા' નામની સીરિયલ ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં આર. કે. લક્ષ્મણના 'કોમનમેન' પર આવતાં કાર્ટૂનો પર આધારિત હતી. હકીકતમાં કુંદન, પોતે જ ખરો કોમનમેન હતો જે સિસ્ટમ, સરકાર, સમાજ સામે હસતાં હસાવતાં આક્રોશ પ્રગટ કરતો. ખરેખર તો કુંદન જેટલો 'કોમનમેન' હતો એટલો જ ફિલ્મ લાઈનમાં 'અનકોમન' હતો. નિર્માતાઓ સામે લડનાર જિદ્દી અને શાહરૂખ જેવા સ્ટારને પણ 35-40 વાર એકનો એક શોટ આપવા રીટેક કરાવીને થકવી દે એવો નિર્દેશક હતો. આ કુંદને ભારતની પહેલી સુપરહિટ કોમેડી સીરિયલ 'યે જો હૈ ઝિંદગી' બનાવેલી, જેમાં સંવાદો લખવા હિંદી વ્યંગકાર શરદ જોષીને પહેલી વાર લઈ આવેલો. પછી કુંદન-સઈદ-અઝિઝ મિર્ઝાએ સડક પરના સામાન્ય માણસો વિશેની 'નુક્કડ' જેવી અદભુત સીરિયલ બનાવી જેમાં મોચી, ઝાડુવાળી, ચાવાળો, સાઈકલ-મિકેનિક, હવાલદાર જેવાં પાત્રો પહેલી વાર મુંબઈના કોઈ નાકે ધમાલ કરતાં દેખાયાં. હસતાં હસતાં રડાવી દેતી એ સીરિયલ પછી આજ સુધી એવી સીરિયલ બની નથી કે બનશે પણ નહીં કારણ કે આજે તો સાસ-બહુની સીરિયલોના જમાનામાં કોણ ઝાડુવાળા કે મોચી કે પાનવાળી જેવાં પાત્રોની વાર્તા વિચારે?

એ 'નુક્કડ' સીરિયલમાં એક શરાબીનું પાત્ર હતું: 'ખોપડી' જે દારૂના નશામાં સમાજ પર કટાક્ષ કરી દેતો જેના રાજ કપૂર પણ ફેન હતા. મને ગર્વ છે કે હું પણ એમાં શામિલ હતો!

કુંદનને એકટરો સામે ને ખાસ તો સ્ટાર સામે બહુ વાંધા હતા. 'કભી હાં, કભી ના' ફિલ્મ પછી શાહરૂખે ક્યારેય કુંદન સાથે કામ નથી કર્યું કારણ કે કુંદન એને ઓવર-એકટીંગ માટે ખરેખરું સંભળાવી દેતો. હું શાહરૂખને ઘણી વાર ફરિયાદમાં કહેતો: "એક ફિલ્મ તો કર કુંદન સાથે!" ત્યારે એ કહેતો- "હી ઈઝ ગ્રેટ,બટ મેડ!" હા, કુંદન મેડ ને જિદ્દી હતો જ. છેલ્લે મલ્લિકા શેરાવત સાથે ફિલ્મ બનાવતી વખતે ફિલ્મ શરૂ થતાં પહેલાં જ ઝગડી પડેલો કારણ કે મલ્લિકા પોતાનો કેમેરામેન લાવવા માગતી હતી! મેં મધ્યસ્થી કરવાની નાકામ કોશિશ કરેલી પણ કુંદન શાહ, ખુદ્દાર નિર્દેશક હતો. કુંદન, રોજે રોજ મહિનાઓ સુધી સ્ક્રિપ્ટ લખ્યા જ કરતો, ફિલ્મ બને કે ના બને! મૃત્યુના અઠવાડિયા અગાઉ કુંદને ફોન કરીને કહેલું- "સંજય, હું ફસાઈ ગયો છું. એક પ્રોડયુસરે મને ફિલ્મ માટે સાઈન કર્યો છે. હવે તો બનાવવી પડશે યાર!"

મેં કહ્યું, "કુંદન, તમે નહીં પેલો પ્રોડયુસર ફસાયો છે!" પછી અમે બેઉ બહુ હસેલા!

કુંદને આવો ઈમોશનલ લેખ વાંચીને કહ્યું હોત: "શું યાર, આમાં હ્યુમર ક્યાં છે? કિધર હૈ પંચ?" કુંદન, ભલભલાને ફસાવી કે હસાવી દે એવો જિનિયસ હતો.

# 'ચંદુની મા', 'હસનની જોરૂ' કે 'પીટરની સિસ્ટર'થી SIR સુધી...

લાઈફ-ઓન

★ ફાલ્ગુની આશર

જ્યારે પણ આઝાદ ભારતના ઈતિહાસની વાત થાય છે, ત્યારે 1951-52ની પ્રથમ સામાન્ય ચૂંટણીને વિશ્વના સૌથી મોટા લોકશાહી પ્રયોગ તરીકે યાદ કરવામાં આવે છે. આજના આધુનિક યુગમાં જ્યાં એક ક્લિક પર મતદાર યાદીમાં નામ ચકાસી શકાય છે અને ડિજિટલ મશીનો દ્વારા મતદાન થાય છે, ત્યારે એ કલ્પના કરવી પણ મુશ્કેલ છે કે જ્યારે દેશે પહેલીવાર લોકશાહીનો શ્વાસ લીધો ત્યારે પરિસ્થિતિ કેટલી વિકટ હતી. દેશના પ્રથમ મુખ્ય ચૂંટણી કમિશનર સુકુમાર સેન સામે એક એવો પર્વત જેવો પડકાર હતો, જેની કોઈ પૂર્વ ભૂમિકા કે ઈતિહાસમાં કોઈ દ્રષ્ટાંત નહોતું અને આજના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે થઈ રહેલા આક્ષેપો બે તદ્દન વિરોધાભાસ બાબતો કહી શકાય.

પહેલા વાત 1951ની પ્રથમ ચૂંટણીની જ્યારે મહિલાઓ મતદારોની ઓળખ 'કોઈના પત્ની કે બહેન' તરીકે નોંધાતી હતી. આઝાદી પછીની પહેલી ચૂંટણી યોજવી એ કોઈ લોખંડી ચણા ચાવવા સમાન હતું. દેશમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ માત્ર 20 ટકા આસપાસ હતું અને 80 ટકા વસ્તી નિરક્ષર હતી. તે જમાનામાં ગ્રામીણ વિસ્તારોમાં સામાજિક રૂઢિચુસ્તતા એટલી બધી પ્રબળ હતી કે મહિલાઓ પોતાના નામ ખુલ્લેઆમ જાહેર કરવા સંકોચ અનુભવતી હતી. પરિણામે, પ્રથમ મતદાર યાદી તૈયાર કરતી વખતે અદ્ભુત અને આશ્ચર્યજનક સ્થિતિ સર્જાઈ હતી.

હજારો મહિલાઓના નામ તેમની સ્વતંત્ર ઓળખને બદલે 'ચંદુની મા', 'હસનની જોરૂ' કે 'પીટરની સિસ્ટર' જેવા સંબંધોના આધારે નોંધવામાં આવ્યા હતા! તે સમયની સામાજિક મર્યાદાઓ એવી હતી કે ઘણી સ્ત્રીઓ પોતાનું નામ આપવા તૈયાર નહોતી. છતાં ચૂંટણી પંચે સુકુમાર સેનના નેતૃત્વમાં આ તમામ મુશ્કેલીઓ વચ્ચે 17.6 કરોડ મતદારોની યાદી તૈયાર કરાવી હતી.

આ કામ માટે 16500 જેટલા કલાકારો અને કર્મચારીઓને મહિનાઓ સુધી કામે લગાડવામાં આવ્યા હતા. જે મહિલાઓ પોતાની ઓળખ આપી ન શકી, તેમના માટે ખાસ શારીરિક ચિહ્નો અને સંબંધોના આધારે યાદી બનાવવી પડી હતી.

તે જમાનામાં દેશના મોટાભાગના મતદારો નિરક્ષર હોવાથી ઉમેદવારોના નામ વાંચીને મત આપવો અશક્ય હતો. આ સમસ્યા ઉકેલવા માટે ચૂંટણી પંચે ચૂંટણી પ્રતીકોની અનોખી વ્યવસ્થા શરૂ કરી હતી. દરેક પક્ષ અને ઉમેદવારને અલગ-અલગ ચિહ્નો આપવામાં આવ્યા હતા. ઉદાહરણ તરીકે, કોંગ્રેસને બે બળદોની જોડનું પ્રતીક આપવામાં આવ્યું હતું, જ્યારે ફૉરવર્ડ બ્લોકને હાથનું ચિહ્ન મળ્યું હતું.

આટલી મોટી સંખ્યામાં મતદારો માટે બેલેટ બૉક્સ ક્યાંથી લાવવા તે પણ એક મોટો પ્રશ્ન હતો. ત્યારે તિજોરી અને તાળા બનાવતી દેશની પ્રખ્યાત કંપની 'ગોદરેજ'એ તેનાં યાંત્રિક વિશેષજ્ઞો દ્વારા 16 લાખ લોખંડના બૉક્સ તૈયાર કરી આપ્યા હતા. એક બૉક્સની કિંમત તે જમાનામાં પાંચ રૂપિયા હતી છતાં આ મહાકાય ચૂંટણી સફળ બનાવવામાં આવી હતી. પ્રથમ ચૂંટણીમાં રાજા-મહારાજાઓ અને સામાન્ય મજૂરો એક જ કતારમાં ઊભા રહીને મત આપતા હતા, જેણે ભારતીય સમાજમાં સમાનતાનો પાયો નાખ્યો હતો.

તેની સામે આજનાં મતદાર નોંધણી અને 'SIR' (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન)!!




**દેશના પ્રથમ મુખ્ય ચૂંટણી કમિશનર સુકુમાર સેનથી જ્ઞાનેશ કુમાર સુધીની લોકશાહી પર્વની બદલાતી તાસીર**

સમય બદલાયો છે અને ટેક્નોલોજીએ ચૂંટણી પ્રક્રિયાનું સ્વરૂપ જ બદલી નાખ્યું છે. આજના ડિજિટલ યુગમાં મતદાર નોંધણી અને ચકાસણીની પ્રક્રિયા અત્યંત સુવ્યવસ્થિત બની ગઈ છે. ભારતીય ચૂંટણી પંચ દ્વારા સમયાંતરે હાથ ધરવામાં આવતી 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' અને મતદાર યાદી સુધારણા ઝુંબેશ આજે ટેક્નોલોજીના આધારે ચાલે છે. જોકે, બીજી તરફ કરોડો મતદારોના નામ કપાઈ જતા વિવાદનું મૂળ પણ બની છે.

જ્યારે આપણે 1951ની પ્રથમ ચૂંટણીના પડકારો અને 'ચંદુની માં' કે 'હસનની પત્ની' જેવા નામોથી શરૂ થયેલી યાદીને જોઈએ છીએ, ત્યારે આપણને ખ્યાલ આવે છે કે આપણી લોકશાહીએ કેટલો લાંબો અને પ્રભાવશાળી પંથ કાપ્યો છે. ભૂતકાળમાં જ્યાં મહિલાઓની પોતાની સ્વતંત્ર ઓળખ નોંધાવવી મુશ્કેલ હતી, ત્યાં આજે ભારતીય નારીઓ દેશના સર્વોચ્ચ પદો પર બિરાજમાન છે અને મતદાનમાં પણ પુરુષોની હરોળમાં સમાન ભાગીદારી નોંધાવી રહી છે.

જ્યાં ભૂતકાળમાં 16 લાખ લોખંડના બૉક્સ અને કાગળના બેલેટ પેપર પર આધાર રાખવો પડતો હતો, ત્યાં આજે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM) અને વીવીપેટ (VVPAT) દ્વારા ચૂંટણી પ્રક્રિયા અત્યંત પારદર્શક અને ઝડપી બની છે.

ભારતીય લોકશાહીના ઈતિહાસ પર નજર કરીએ તો સમયની સાથે મતદાન પ્રક્રિયા અને તેની પ્રાથમિકતાઓમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. જો આપણે આઝાદ ભારતની 1951-52ની પ્રથમ સામાન્ય ચૂંટણી અને આજના ડિજિટલ યુગમાં ચાલતી મતદાર યાદી સુધારણા પ્રક્રિયાઓ વચ્ચે તુલના કરીએ, તો એક મોટો વૈચારિક અને વ્યવસ્થાકીય ફેરફાર સ્પષ્ટ દેખાય છે. એક સમય હતો જ્યારે 'ઓળખ' કરતાં 'મતદાન' વધુ મહત્વનું હતું અને આજે 'મતદાન' કરતા પહેલા 'ઓળખ' સૌથી મહત્વની બની ગઈ છે.

જ્યારે દેશે 1951માં પહેલીવાર લોકશાહીનો શ્વાસ લીધો ત્યારે દેશમાં 80 ટકા વસ્તી નિરક્ષર હતી. મોટાભાગના લોકો પાસે જન્મના પ્રમાણપત્રો કે સત્તાવાર ઓળખપત્રો નહોતા. ગ્રામીણ સમાજની રૂઢિચુસ્તતા એવી હતી કે મહિલાઓ પોતાની સ્વતંત્ર ઓળખ આપી શકતી નહોતી, જેના કારણે પ્રથમ મતદાર યાદીઓમાં હજારો મહિલાઓના નામ 'ચંદુની મા', 'હસનની જોરૂ' કે 'પીટરની સિસ્ટર' જેવા સંબંધોના આધારે લખવા પડ્યા હતા. તે સમયે મુખ્ય ચૂંટણી કમિશનર સુકુમાર સેન અને તંત્ર સામેનો મુખ્ય પડકાર એ હતો કે કોઈપણ નાગરિક માત્ર ઓળખના અભાવે મતદાનથી વંચિત ન રહી જાય. કાગળની ઔપચારિકતાઓ કે આધુનિક દસ્તાવેજો ગૌણ હતા; મુખ્ય ઉદ્દેશ્ય એ હતો કે દેશના છેવાડાના માનવી સુધી લોકશાહી પહોંચે અને તે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે. મતદાતાને મથક સુધી લાવવો એ જ સૌથી મોટો વિજય હતો.

આજે ચિત્ર બદલાયું છે, આજે સ્માર્ટ ઓળખ અને 'SIR'નો યુગ છે. આજે પરિસ્થિતિ બિલકુલ વિપરીત છે. આજે લોકશાહી માત્ર સહભાગિતા પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે સુરક્ષા, ચોકસાઈ અને પારદર્શિતા પર આધારિત છે. આજના સમયમાં મતદાર યાદીઓની શુદ્ધતા માટે ચાલતી સ્પેશિયલ ઈન્ટેન્સિવ કે સમરી રિવિઝન (SIR) જેવી પ્રક્રિયાઓ સાબિત કરે છે કે રાજ્ય માટે હવે દરેક નાગરિકની ચોક્કસ, અસ્પષ્ટ અને ડિજિટલ ઓળખ અનિવાર્ય બની ગઈ છે.

આજના યુગમાં આધાર કાર્ડ, વિશિષ્ટ ફોટો ઓળખકાર્ડ (EPIC), બૂથ લેવલ ઓફિસર્સ (BLOs) દ્વારા ઘરે-ઘરે ડેટા વેરિફિકેશન અને ડિજિટલ ડેટાબેઝ એટલા મજબૂત બન્યા છે કે ડુપ્લિકેટ કે નકલી નામોને સરળતાથી શોધીને દૂર કરી શકાય છે. આજે ઓળખની ચકાસણી વગર મતદાનની કલ્પના પણ થઈ શકે તેમ નથી.

આ બે યુગોની તુલના કરીએ તો વિવાદ તેની જગ્યાએ છે, પણ એવું સ્પષ્ટ થાય છે કે, 1951માં લોકશાહીનો પાયો નાખવા માટે 'સમાવેશકતા' સૌથી મોટી જરૂરિયાત હતી, જ્યારે આજે લોકશાહીની પવિત્રતા અને સુરક્ષા જાળવવા માટે 'સચોટ ઓળખ' અનિવાર્ય બની ગઈ છે. આ પરિવર્તન આપણી લોકશાહીની શૈશવાવસ્થાથી લઈને તેની પરિપક્વતા અને સજ્જતા સુધીની અદ્ભુત સફર દર્શાવે છે.

# ખુશી અમસ્તી ન હોય

આંખની અટારી

★ હેમુ ભીખુ

મન મોજીલું છે. તેને ખુશ થવા માટેનાં વ્યવસ્થિત કારણો હોય, પરંતુ ક્યારેક એમ લાગે કે તે અમસ્તું જ ખુશ થઈ જાય છે. પરંતુ વાસ્તવમાં અહીં અમસ્તું કશું જ નથી હોતું. કોઈ સુખદ પ્રસંગ કે આત્મીય, પ્રેમાળ વ્યક્તિની યાદ આવી ગઈ હોય, ભવિષ્યની સફળતાનો કાલ્પનિક અનુભવ થયો હોય, ખુલ્લી આંખે કોઈ સ્વપ્ન તાજું થયું હોય, કોઈ રમૂજ અકસ્માતે તે વખતે સમજમાં આવી ગઈ હોય કે જરાય અપેક્ષિત ન હોય તેવી સુખદ પરિસ્થિતિ સર્જાઈ ગઈ હોય, તો એકવાર એમ જણાય કે 'કારણ વગર' ખુશી પ્રાપ્ત થઈ છે. પરંતુ અહીં કારણ તો હોય છે જ. મન કોઈ દિવસ અકારણ ખુશી ન અનુભવે. ખુશી એ સૂક્ષ્મ અસ્તિત્વમાં ઉદ્ભવતી ભાવના છે, અને હકીકત એ છે કે



સૂક્ષ્મ અસ્તિત્વની કોઈ પણ બાબત અકારણ નથી હોતી. આમ તો ખુશી મનની અનુભૂતિ છે, અંતઃકરણનાં ભિન્ન સ્વરૂપો તેમાં કારણભૂત નથી. છતાં પણ જો વ્યાપકતાથી વિચારવામાં આવે તો, જો ઈન્દ્રિયોની કામના પૂર્ણ થઈ હોય, મનની ખુશી માટેની કારણભૂત પરિસ્થિતિ સ્થાપિત થઈ હોય, બુદ્ધિના નિર્ણય પાછળ સંકળાયેલાં તર્ક તેમજ વિવેકનું મહત્ત્વ સમજમાં આવ્યું હોય, ચિત્તના સંસ્કારનો સકારાત્મક પ્રભાવ સ્થાપિત થયો હોય અને ક્યાંક અહંકાર સંતોષાયો હોય, તો ખુશી પ્રાપ્ત થાય. વાસ્તવમાં ખુશી એ મનની સ્થિતિ છે, નહીં કે ઈન્દ્રિય, બુદ્ધિ, અહંકાર કે ચિત્તની, ખુશીનું કારણ પણ મન છે અને મન છે એટલે ખુશીની અનુભૂતિ છે, બાકીનું વિસ્તરણ તો અમુક પ્રકારની વિચારધારાનો વિરોધ અટકાવવા માટે છે.

**વાસ્તવમાં ખુશી એ મનની સ્થિતિ છે, નહીં કે ઇન્દ્રિય, બુદ્ધિ, અહંકાર કે ચિત્તની, ખુશીનું કારણ પણ મન છે અને મન છે એટલે ખુશીની અનુભૂતિ છે, બાકીનું વિસ્તરણ તો અમુક પ્રકારની વિચારધારાનો વિરોધ અટકાવવા માટે છે**

'કારણ વગરની ખુશી', આ જે શબ્દપ્રયોગ સાંભળવા મળે છે તે યથાર્થ નથી. ખુશી માટે ચોક્કસ કારણ હોય છે, બની શકે કે તે કારણ ધ્યાનમાં ન આવ્યું હોય. ખુશી પાછળ ચોક્કસ પરિબળો હોય છે, શક્ય છે કે તે પરિબળો અદૃશ્ય રહેતાં હોય. ખુશી એક ચોક્કસ પ્રકારની પ્રક્રિયાનું પરિણામ હોય છે, બની શકે કે આ પ્રક્રિયા એટલી ઝડપી કે ઓઝલ હોય કે તે તરફ ધ્યાન જ ન જાય. ખુશી એક ચોક્કસ પરિસ્થિતિ પ્રત્યેનો સકારાત્મક ભાવનાત્મક પ્રતિભાવ છે, બની શકે કે જાગ્રત મન તેની નોંધ ન લઈ શક્યું હોય. એ પણ શક્ય છે કે ખુશી કાલ્પનિક સિદ્ધિને કારણે અનુભવાઈ હોય, બની શકે કે આ કલ્પનાપ્રક્રિયા જીવનમાં સ્વાભાવિક બની ગઈ હોય. કારણ તો હોય છે, ધ્યાનમાં આવે કે ન આવે, તે વિશે સમજણ પડે કે ન પડે, કાર્ય-કારણના સંબંધ વિશેની વિચારધારા સ્વીકૃત હોય કે ન હોય.

'કારણ વગરની ખુશી'ની વાત કરવી જ હોય તો કંઈક અંશે તે આનંદની વાત હોઈ શકે. ગંગા સતી કહે છે કે, 'હરખ અને શોકની જેને આવે નહીં હેડકી ને આઠે પહોર આનંદ રે.' અહીં હરખ એટલે કે ખુશી અને આનંદ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરાયો છે. ખુશી એ બાહ્ય પરિસ્થિતિનું પરિણામ હોય, જ્યારે આનંદ એ અંતરમાંથી ઉદ્ભવેલી ભાવના છે. આનંદ 'અંતર'ની શુદ્ધ, સાત્ત્વિક, પવિત્ર તેમજ વાસ્તવિક સ્થિતિ છે. અહીં બાહ્ય પરિબળોનો પ્રભાવ ન હોય. જેનો આધાર બાહ્ય પરિસ્થિતિ, પ્રસંગ, વિચાર, વ્યક્તિ કે સફળતા હોય તે ખુશી કે હરખ. ઈન્દ્રિયોને જેની પ્રત્યે રાગ હોય તેવાં વિષયોની પ્રાપ્તિ થાય, ઈચ્છિત સ્વરૂપે પ્રિયની પ્રાપ્તિ થાય, ધારેલી સફળતા મળે, કામિની-કંચન-કીર્તિની કામના પૂર્ણ થાય અને જરૂરી માત્રામાં કે તેનાથી વધારે સુખ-સગવડતા પ્રાપ્ત થાય, તો મન ખુશી અનુભવે, આનંદ નહીં. આનંદ સિદ્ધિ આધારિત ઘટના નથી, તે તો આપોઆપ અંતરમાંથી ઉત્પન્ન થાય, જે 'અંતર'ની શાંતિ, સંતોષ અને સ્થિરતાને કારણે અનુભવમાં આવે. આનંદ એ એક ગંભીર, ઊંડાણભર્યો છતાં સહજ અનુભવ છે.

જ્યારે મનમાં કોઈ પણ પ્રકારની ચિંતા ન હોય, મનની સ્થિતિ વિચારશૂન્યતા જેવી હોય, વર્તમાનમાં સાક્ષીભાવે જીવન વ્યતીત થતું હોય, કોઈ પણ પ્રકારની કામના કે અપેક્ષાનું પ્રભુત્વ ન હોય, જે પ્રાપ્ય છે તેનાથી પૂરેપૂરો સંતોષ હોય, ન હોય કોઈ પ્રવૃત્તિની ઈચ્છા કે ન હોય તેનાથી નિવૃત્તિ માટેની યોજના, એક પ્રકારની હળવાશયુક્ત સ્થિરતા અનુભવાતી હોય, ઈન્દ્રિયો નિયંત્રણમાં હોય, મનની મલિનતા દૂર થઈ હોય, બુદ્ધિમાં વિવેક અને સંયમ પૂર્ણતાથી સ્થાપિત હોય, અહંકાર શૂન્યતામાં પ્રવેશી ચૂક્યો હોય, ચિત્ત નિર્લેપ, નિર્વિકાર અને તટસ્થ બની ચૂક્યું હોય, અસ્તિત્વમાં એક પ્રકારની જાગ્રતતા સ્થાપિત થઈ હોય, કોઈ પણ પ્રકારનો આગ્રહ શેષ ન રહ્યો હોય, તો 'સકારણ' આનંદની અનુભૂતિ શક્ય બને. અહીં ધ્યાન, સાધના, ચિંતન વગેરે બાબતોનું પણ મહત્ત્વ હોય છે. ખુશી હોય કે આનંદ, કારણ તો હોય છે જ. સનાતનના સિદ્ધાંતમાં જે કાર્ય-કારણનું સમીકરણ સમજાવવામાં આવ્યું છે, તેની સાર્થકતા દરેક સમયે અને દરેક પરિસ્થિતિમાં હોય છે.

કારણ વગર ખુશ એક વ્યક્તિ જ થઈ શકે અને તે છે બાળક. જ્ઞાની વિશે વાત કરતી વખતે શ્રીકૃષ્ણ ગીતામાં જણાવે છે કે, 'તેઓ બાળકની સમાન નિર્દોષ હોય છે.' બાળકને નથી ભૂતકાળનું સ્મરણ કે નથી તેને ભવિષ્ય પાસેથી કોઈ અપેક્ષા. તે વર્તમાનમાં જીવે છે. અહંકાર ન હોવાને કારણે તેને પોતાની છબી માટે કોઈ પણ પ્રકારનો આગ્રહ નથી હોતો. તેનાં વર્તન કે વિચાર પાછળ નથી હોતી કોઈ ગણતરી કે નથી હોતું કોઈ આયોજન. તેની દરેક ક્રિયા અંદરની ઊર્જાનાં પરિણામે દૈહિક વ્યવહારના અનુસંધાનમાં હોય છે. જ્યારે આ નિર્દોષતા ખુશીનું કારણ બને, ત્યારે તેને 'કારણ વગરની ખુશી' કહી શકાય, પરંતુ અહીં પણ 'નિર્દોષતા' એ ખુશી માટેનું કારણ હોય છે. કારણ વગર કોઈ પણ કાર્ય શક્ય નથી. પરંતુ અહીં એક વાત સમજી શકાય. જ્યારે મોટી ઉંમરની વ્યક્તિ થોડા સમય માટે પણ બાળક સમાન બની રહે, તો તે પણ 'અંતર'ની નિર્દોષ અને વાસ્તવિક ખુશીનો અનુભવ કરી શકે.